સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **08** (20/02/22 to 26/02/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**20 FEB-2022**


- દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)....... 02
- ભારત- યુ.એ.ઈ વર્ચ્યુઅલ સમિટ....... 02
- ગિરનારના જંગલોમાં મળી આવેલ દુર્લભ પ્રજાતિના કરોળિયાનું નામ 'નરસિંહ મહેતા' રાખવામાં આવ્યું....... 04
- QUESTION ANSWERS ....... 05


**21 FEB-2022**


- દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Languge Day)....... 06
- ઈલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ્લિકેશન-2....... 06
- પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2022....... 07
- અપર ભદ્રા પ્રોજેક્ટ (Upper Bhadra Project)ને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો....... 09
- QUESTION ANSWERS ....... 11


**22 FEB-2022**


- કિસાન ડ્રોન (Kisan Drones)....... 12
- 2023માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું સત્ર મુંબઈમાં યોજાશે....... 13
- જાંબલી ક્રાંતિ અને લેવેન્ડર ખેતી....... 13
- QUESTION ANSWERS ....... 15


**23 FEB-2022**


- ભારતના 16 વર્ષિય શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનાનંદએ વિશ્વ ચેમ્પિયન શ્રી મેગ્નસ કાર્લસન ને હરાવ્યા....... 16
- વર્ષિક ફ્રન્ટિયર્સ રિપોર્ટ- 2022....... 16
- નેશનલ મીન્સ-કમ-મેરિટ શિષ્યવૃત્તિ (NMMS) યોજના....... 18
- QUESTION ANSWERS ....... 19


**24 FEB-2022**


- દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day....... 20
- ભારત અને ઓમાન વચ્ચે 'ઈસ્ટર્ન બ્રિજ- VI' હવાઈ અભ્યાસ શરૂ થયો....... 20
- શ્રી સંજીવ સાન્યાલ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC- PM)ના નવા સભ્ય બન્યા....... 20
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ'નું ઉદ્‌ઘાટન કર્યું....... 20
- QUESTION ANSWERS ....... 22


**25 FEB-2022**


- P- 8I પેટ્રોલ એરક્રાફ્ટ....... 23
- સસ્ટેનેબલ સિટીઝ ઇન્ડિયા પ્રોગ્રામ....... 24
- QUESTION ANSWERS ....... 25


**26 FEB-2022**


- International Ip Index 2022માં ભારત 43માં ક્રમે....... 26
- નૌકાદળની બહુપક્ષીય કવાયત 'મિલન- 2022'....... 27
- ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન (Bhasha Certificate Selfie Campaign)....... 27
- QUESTION ANSWERS ....... 29

ONE LINER ....... 30

QUESTION OF THIS WEEK ....... 35


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)

દર વર્ષે 20 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ ગરીબી નાબૂદી, રોજગાર સર્જન, ન્યાયી કાર્યકારી પરિસ્થિતિઓ અને લિંગ સમાનતા વગેરે માટે આંતરરાષ્ટ્રીય પ્રયત્નોને વધુ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- સામાજિક ન્યાયના ખ્યાલને આગળ વધારવા માટે સમાજમાં લિંગ, વય, જાતિ, વંશીયતા, ધર્મ, સંસ્કૃતિ અથવા વિકલાંગતા જેવી અસમાનતાઓ દૂર કરવી પડશે.
- વર્ષ 2022ના વિશ્વ સામાજિક ન્યાય દિવસની થીમ 'Achieving Social Justice Through Formal Employment' છે.

## ભારત-યુ.એ.ઈ વર્ચ્યુઅલ સમિટ

તાજેતરમાં ભારત અને સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચે વર્ચ્યુઅલ સમિટ યોજાઈ હતી.



### સમિટ વિશે

ભારત અને UAE વચ્ચેની આ વર્ચ્યુઅલ સમિટના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

### વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી

આ સમિટ દરમિયાન 'ભારત અને UAE એકંદર વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિ : નવી સીમાઓ, નવા સીમા ચિહ્નો' શિર્ષક હેઠળ સંયુક્ત વિઝન પેપર પણ બહાર પાડવામાં આવ્યું હતું.

- આ નિવેદન ભારત અને UAE વચ્ચે ભવિષ્યની ભાગીદારી માટે રોડ મેપ નક્કી કરે છે. અને ક્ષેત્રો અને પરિણામોને ઓળખે છે.
- તેનો સામાન્ય ઉદ્દેશ વિવિધ ક્ષેત્રોમાં નવા વેપાર, રોકાણ અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્ર

આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષાની જાળવણીમાં યોગદાન આપતા દરિયાઈ સહયોગને વધારવા માટે પણ સંમત થયા હતા.

- પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ પ્રકારના સીમાપાર આતંકવાદ સહિત ઉગ્રવાદ અને આતંકવાદ સામે લડવાની સંયુક્ત પ્રતિબધ્ધતાની પુનઃ પુષ્ટિ કરી હતી.

## ક્લાઈમેટ એક્શન અને રિન્યુએબલ્સ

એકબીજાના સ્વચ્છ ઉર્જા મિશનને ટેકો આપવા અને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને બંને તકનીકોને વધારવામાં મદદ કરવા માટે 'સંયુક્ત હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ'ની સ્થાપના કરવા સંમત થયા હતા.

## ઉભરતી ટેકનોલોજી

નિર્ણાયક તકનીકો પર સહકાર અને પરસ્પર ઈ–વ્યવસાય અને ઈ–પેમેન્ટ સોલ્યુશન્સ અને બંને દેશોના સ્ટાર્ટઅપ્સના વિસ્તરણ પર સંમત થયા હતા.

## શિક્ષણ સહકાર

UAEમાં ભારતીય ટેકનોલોજી સંસ્થાન સ્થાપવા સંમત થયા હતા.

## આરોગ્ય સહાય

રસીઓ માટે વિશ્વસનીય સપ્લાય ચેન, સંશોધન, ઉત્પાદન અને વિકાસને ટેકો આપવા અને ભારતમાં આરોગ્ય માળખામાં UAE સંસ્થાઓ દ્વારા રોકાણ વધારવા તેમજ વંચિત દેશોમાં આરોગ્ય સંભાળ માટે સમર્થન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ખાદ્ય સુરક્ષા

બંને દેશોએ ખાદ્ય પુરવઠા સાંકળોની સ્થિતિ સ્થાપકતા અને વિશ્વસનીયતા વધારવાની જરૂરિયાતને માન્યતા આપી હતી.

- ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠ અને સંયુક્ત આરબ અમીરાતની સ્થાપનાના 50માં વર્ષ નિમિતે સંયુક્ત સ્મારક ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

## વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરાર (CEPA)

વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે બંને પક્ષોએ વેપાર અને રોકાણ સંબંધોને વધુ વેગ આપવા માટે CEPA પર હસ્તાક્ષર કર્યા હતા.

- પ્લાસ્ટિક, કૃષિ, ખાદ્ય ઉત્પાદનો, ઓટો મોબાઈલ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ એવા કેટલાક ક્ષેત્રો છે જેને આ કરારથી પ્રોત્સાહન મળશે.
- આ સોદો દેશમાં યુવાનો માટે 10 લાખ રોજગારીની તકો ઉભી કરશે અને ભારતને આફ્રિકન અને એશિયન બજારો સુધી પહોંચવામાં સક્ષમ બનાવશે.

નોંધ : (1) વ્યાપક આર્થિક સહકાર અને ભાગીદારી કરાર (CEPA) એ એક પ્રકારનો મુક્ત કરાર છે જેમાં સેવાઓ અને રોકાણ અને આર્થિક ભાગીદારીના અન્ય ક્ષેત્રોમાં વેપારની વાટાઘાટોનો સમાવેશ થાય છે.

(2) ભાગીદારી અથવા સહકાર કરાર એ મુક્ત વેપાર કરારો કરતા વધુ વ્યાપક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગિરનારના જંગલોમાં મળી આવેલ દુર્લભ પ્રજાતિના કરોળિયાનું નામ 'નરસિંહ મહેતા' રાખવામાં આવ્યું




તાજેતરમાં જૂનાગઢમાં કરોળિયાની એક દુર્લભ પ્રજાતિ જોવા મળી હતી.

- આ કરોળિયો ગિરનાર વન્યજીવ અભ્યારણ્યમાં જોવા મળ્યો હતો.
- ગુજરાતના પ્રસિધ્ધ કવિ અને સંત શ્રી નરસિંહ મહેતાના નામ પરથી આ કરોળિયાનું નામ 'નરસિંહ મહેતા' રાખવામાં આવ્યું છે.
- આ કરોળિયાની શોધ જૂનાગઢ ખાતે આવેલ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પીએચડી કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

સામાન્ય વિજ્ઞાન
◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી (C)

2. વર્ષ 2022ના 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ'ની થીમ જણાવો.

(A) Closing the Inequalities Gap to Achive Social Justice

(B) A call for social in the digital Economy

(C) If you wnat peace & Development work for social justice

(D) Achieving social justice through formal Employment (D)

3. તાજેતરમાં ભારત– UAE વચ્ચે વર્ચ્યુઅલ સમિટ યોજાઈ હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સમિટમાં 'ભારત અને UAE એકંદર વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિ : નવી સીમાઓ, નવા સીમા ચિહ્નો' શિર્ષક હેઠળ સંયુક્ત વિઝન પેપર બહાર પાડ્યું હતું.

2. આ સમિટમાં એક બીજાના સ્વચ્છ ઉર્જા મિશનને ટેકો આપવા ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને બંને તકનીકોને વધારવામાં મદદ કરવા માટે 'સંયુક્ત હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ'ની સ્થાપના કરવા સંમત થયા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત વિધાન 1 સાચું (B) ફક્ત વિધાન 2 સાચું

(C) વિધાન 1 અને 2 બંને સાચા (D) વિધાન અને 1 બંને 2 ખોટા (C)

4. તાજેતરમાં ગિરનારના જંગલોમાંથી મળી આવેલ દુર્લભ પ્રજાતિ કરોળિયાનું નામ શું રાખવામાં આવ્યું છે ?

(A) પ્રેમાનંદ (B) નરસિંહ મહેતા (C) જૂનાગઢ (D) ગીર (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day)

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 17 નવેમ્બર, 1999ના રોજ યુનેસ્કો દ્વારા 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 21 ફેબ્રુઆરી, 2000ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- બાંગ્લાદેશમાં 1952માં થયેલી બંગાળી ભાષા ચળવળને માન્યતા આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ 'Using technology for multingual learning : Challenges and opportunities' (બહુભાષી શિક્ષણ માટે ટેક્નોલોજીનો ઉપયોગ : પડકારો અને તકો) છે.

## ઈલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ્લિકેશન-2



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં તેના પ્રકારની પ્રથમ પહેલ શરૂ કરી છે જેમાં 'નેશનલ હેલ્થ મિશન' (NHM) હેઠળ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સીધી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

- NHM હેઠળ વિવિધ યોજનાઓના લાભાર્થીઓના બેંક ખાતામાં નાણાંકીય સહાય સીધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે સ્ટેટ નોડલ એજન્સી (SNA) હેઠળ 'ઈલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ્લિકેશન-2' શરૂ કરી છે.
- આ એપ્લિકેશન લાભાર્થીઓ સુધી પહોંચતી નાણાંકીય સહાયનો સમયગાળો ચાર–પાંચ અઠવાડિયાથી ઘટાડીને એક અઠવાડિયાની અંદર કરશે.
- નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ભારત સરકાર રાજ્યને ઈમરજન્સી કોવિડ રિસ્પોન્સ પેકેજ, આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન તેમજ 15મા નાણાપંચ એમ વાર્ષિક અંદાજે 4000 કરોડ રૂપિયા વિવિધ આરોગ્ય કાર્યક્રમો–યોજનામાં સહાય–સહયોગ પુરો પાડે છે.
- અગાઉ કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારને ફાળવવામાં આવેલી સહાય વિવિધ સંસ્થાઓમાં વહેંચવામાં આવતી હતી.
- જ્યાંથી તેને વિભાગીય, જિલ્લા, તાલુકા સ્તરે મોકલવામાં આવતી હતી, જેના કારણે લાભાર્થીઓને ભંડોળની ફાળવણીમાં વિલંબ થતો હતો.
- આ પ્રકારનું નવીન મોડલ-2 લોન્ચ કરનાર ગુજરાત દેશમાં એકમાત્ર રાજ્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2022

તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા/નિયમો) 2022'ની જાહેરાત કરી છે.

- જેમાં પ્લાસ્ટિક પેકેજિંગ માટે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી (EPR) પરના નિર્દેશોને સૂચિત કર્યા હતા.
- પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો 2016માં સિંગલ યુઝ પ્લાસિટક (SUP) અને વૈકલ્પિક નાબૂદીને પ્રોત્સાહન આપવા માટે સુધારો કરવામાં આવ્યો છે.
- આ માર્ગદર્શિકા 1 જુલાઈ, 2022થી લાગુ થશે.
- દેશમાં પ્લાસ્ટિકના કચરાથી થતાં પ્રદૂષણને ઘટાડવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે.

## પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, 2016

તે પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ઘટાડવા, પ્લાસ્ટિક કચરાનો ફેલાવો અટકાવવા અને સ્ત્રોત પર કચરાના અલગ સંગ્રહની ખાતરી કરવા અન્ય ઉપાયોની સાથે સાથે પગલાં લેવા પર ભાર મુકે છે.

- નિયમો સ્થાનિક સંસ્થાઓ, ગ્રામ–પંચાયતો, કચરો ઉત્પાદકો, છૂટક વિક્રેતાઓ અને શેરી વિક્રેતાઓ માટે પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરવાની જવાબદારીઓ પણ ફરજિયાત કરે છે.

## નવા નિયમો હેઠળ જોગવાઈઓ

### પ્લાસ્ટિકનું વર્ગીકરણ

- **કેટેગરી-1 :**

  સખત પ્લાસ્ટિક પેકેજિંગ
- **કેટેગરી-2 :**

  સિંગલ લેયર અથવા મલ્ટિલેયરનું ફ્લેક્સિબલ પ્લાસ્ટિક પેકેજિંગ (વિવિધ પ્રકારના પ્લાસ્ટિક સાથે એક કરતા વધુ લેયર), પ્લાસ્ટિક શીટ અને પ્લાસ્ટિક શીટમાંથી બનેલા કવર, કેરી બેગ, પ્લાસ્ટિક પાઉંચ અથવા પાઉંચ વગેરે.
- **કેટેગરી-3 :**

  બહુ સ્તરવાળી પ્લાસ્ટિક પેકેજિંગ આ શ્રેણીમાં સામેલ છે. બહુસ્તરવાળી પ્લાસ્ટિક પેકેજિંગ એટલે કે પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો એક સ્તર અને પ્લાસિટક સિવાયની સામગ્રીનો ઓછામાં ઓછો એક સ્તર.
- **કેટેગરી-4 :**

  કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકની બનેલી પેકેજિંગ અથવા કેરી બેગ માટે વપરાતી પ્લાસ્ટિક શીટ્સ આ કેટેગરીમાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્લાસ્ટિક પેકેજિંગ

પેકેજિંગ માટે પ્લાસ્ટિક સામગ્રીનો ઉપયોગ ઘટાડવા માર્ગદર્શિકામાં સખત પ્લાસ્ટિક પેકેજિંગ સામગ્રીનો પુનઃ ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે.

- **EPR** હેઠળ એકત્ર કરાયેલા પ્લાસ્ટિક પેકેજિંગ કચરાને રિસાયકલ કરવાની અમલી પધ્ધતિ સાથે રિસાયકલ કરેલ પ્લાસ્ટિક સામગ્રીનો ઉપયોગ પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો કરશે અને પ્લાસ્ટિક પેકેજિંગ કચરાના રિસાયક્લિંગમાં મદદ કરશે.

## વિસ્તૃત ઉત્પાદક જવાબદારી પ્રમાણપત્ર

આ માર્ગદર્શિકા વધારાના વિસ્તૃત નિર્માતા જવાબદારી પ્રમાણપત્રોના વેચાણ અને ખરીદીને મંજૂરી આપે છે.

- આ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ માટે માર્કેટ મિકેનિઝમ વિકસાવશે.

## કેન્દ્રીયકૃત ઓનલાઈન પોર્ટલ

સરકારે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ **(CPCB)** દ્વારા **31** માર્ચ, **2022** સુધીમાં પ્લાસ્ટિક પેકેજિંગ કચરાના ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ–માલિકો, પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસર્સ માટે વાર્ષિક રિટર્ન ફાઈલ કરવા માટે કેન્દ્રીય ઓનલાઈન પોર્ટલ સ્થાપવાની દરખાસ્ત કરી છે.

- તે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, **2016** હેઠળ પ્લાસ્ટિક પેકેજિંગ માટે **EPR**ના અમલીકરણ અંગેના આદેશો અને માર્ગદર્શિકાઓના સંદર્ભમાં એકલ ડેટા રિપોઝીટરી તરીકે કાર્ય કરશે.

## પર્યાવરણીય વળતર

પર્યાવરણની ગુણવત્તાના રક્ષણ અને પર્યાવરણીય પ્રદૂષણને રોકવા, નિયંત્રણ અને ઘટાડવા માટે, ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ માલિકો પાસેથી લક્ષ્યાંક પૂરા થવાના સંદર્ભમાં 'પોલ્યુટર પે સિંધ્ધાત'ના આધારે પર્યાવરણીય વળતર વસુલવામાં આવશે.

- 'પોલ્યુટર પેમેન્ટ સિંધ્ધાત' પર્યાવરણને પ્રદૂષિત કરનાર વ્યક્તિ પર ચૂકવણીની જવાબદારી મૂકે છે, જેથી પર્યાવરણને થયેલા નુકશાનની ભરપાઈ કરવામાં આવે.

## પગલાંની ભલામણ કરવા માટેની સમિતિ

**CPCB** અધ્યક્ષની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિ **EPR**ના અસરકારક અમલીકરણ માટે પર્યાવરણ મંત્રાલયને પગલાંની ભલામણ કરશે.

- જેમાં વિસ્તૃત ઉત્પાદક જવાબદારી **(EPR)** માર્ગદર્શિકામાં સુધારાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## EPR પોર્ટલ પર વાર્ષિક અહેવાલ

રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (SPCBs) અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિઓ (PCCs)ને રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ– માલિકો અને પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસર્સ દ્વારા તેના પુરવઠા અંગે EPR પોર્ટલ પર વાર્ષિક અહેવાલ સબમિટ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

## માર્ગદર્શિકાનું મહત્વ

તે પ્લાસ્ટિકના નવા વિકલ્પોના વિકાસને પ્રોત્સાહન આપશે અને વ્યવસાયોને ટકાઉ પ્લાસ્ટિક પેકેજિંગ તરફ આગળ વધવા માટેનો રોડમેપ પૂરો પાડશે.

- માર્ગદર્શિકા પ્લાસ્ટિક પેકેજિંગ કચરાના ચક્ર અર્થતંત્રને મજબૂત કરવા માટે એક માળખું પૂરું પાડે છે.
- દેશમાં ફેલાતા પ્લાસ્ટિક કચરાથી થતા પ્રદૂષણને ઘટાડવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.
- ભારતમાં વાર્ષિક આશરે 3.4 મિલિયન ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે.
- યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ વર્ષ 2024 સુધીમાં ભારતના 100 શહેરોના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ લગભગ ત્રણ ગણું કરવાનું લક્ષ્ય રાખે છે.
- પ્લાસ્ટિક કચરો એકઠો થવાથી પર્યાવરણ માટે હાનિકારક છે. અને જ્યારે આ કચરો દરિયામાં જાય છે ત્યારે જળચર ઈકોસિસ્ટમને પણ મોટા પાયે નુકશાન થાય છે.

નોંધ : (1) EPRનું પૂરું નામ 'Extended Producere Responsibility' છે. જેનો ગુજરાતીમાં અર્થ થાય છે. વિસ્તૃત ઉત્પાદક જવાબદારી.

(2) તે એક નીતિ અભિગમ છે જેમાં ઉત્પાદકોને ગ્રાહકો દ્વારા ઉપયોગમાં લેવાતા ઉત્પાદનોના ઉપચાર અને નિકાલ માટે નોંધપાત્ર (નાણાકીય સામગ્રી) જવાબદારી આપવામાં આવે છે.

(3) સૈધ્ધાંતિક રીતે આવી જવાબદારી સોંપવાથી ઉત્પાદન સ્ત્રોતોમાંથી કચરો અટકાવવા પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને જાહેર રિસાયક્લિંગ અને સામગ્રી વ્યવસ્થાપન લક્ષ્યો હાંસલ કરવામાં મદદ મળે છે.

## અપર ભદ્રા પ્રોજેક્ટ (Upper Bhadra Project)ને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો

16 ફેબ્રુઆરી, 2022ના રોજ કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમાઈએ જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકારની ઉચ્ચ સત્તાવાળી સમિતિએ ઉપરી ભદ્રા પ્રોજેક્ટ અથવા અપર ભદ્રા પ્રોજેક્ટને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે.

- કર્ણાટકમાં રાષ્ટ્રીય દરજ્જો મેળવનાર આ પ્રથમ પ્રોજેક્ટ છે.
- રાષ્ટ્રીય પરિયોજનાનો દરજ્જો મળવાથી તે મધ્ય કર્ણાટકના સિંચાઈના માહોલને બદલાવવામાં મદદરૂપ સાબિત થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેના માટે રાજ્યને કેન્દ્ર તરફથી રૂ. 12,500 કરોડની રકમ મળશે.
- આ પ્રોજેક્ટ ચિત્ર દુર્ગ, ચિક્કામગાલુર, દાવંગેરે અને તુમાકુરના દુશ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં સૂક્ષ્મ સિંચાઈ દ્વારા 2,25,515 હેક્ટરને સિંચાઈ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો છે.
- તે ચિત્રદુર્ગ અને તુમાકુરુ શાખા નહેરો દ્વારા ત્રણ જિલ્લાના દુષ્કાળગ્રસ્ત તાલુકાઓ હેઠળની 367 ટાંકીઓ ભરશે.
- નોંધનીય છે કે વિશ્વેશ્વરાય જલ નિગમ લિમિટેડ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે.



**1.** 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી **(C)**

**2.** UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી 2022ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ શું છે ?

(A) Our Languages, Our Assets

(B) Languages without Borders

(C) Languauges and World

(D) Using Technology for Multingual Learning : Chalanges and Opportunities **(D)**

**3.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નેશનલ હેલ્થ મિશન હેઠળ વિવિધ યોજનાઓના લાભાર્થીઓના બેંક ખાતામાં નાણાકીય સહાય સીધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે સ્ટેટ નોડલ એજન્સી (SNA) હેઠળ __________ શરૂ કરી છે.

(A) ગુજરાત સહાય એપ્લિકેશન 2.0 (B) ઈલેક્ટ્રોનિક ફંડ ફલો એપ્લિકેશન– 2

(C) ગુજરાત ફંડ ટ્રાન્સફર એપ્લિકેશન– 2 (D) ઉપરોક્ત તમામ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, 2016માં સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP) અને વૈકલ્પિક નાબૂદીને પ્રોત્સાહન આપવા માટે સુધારો કરવામાં આવ્યો છે.
2. આ નિયમોમાં સખત પ્લાસ્ટિક પેકેજિંગ સામગ્રીનો પુનઃ ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે.
3. આ નિયમો હેઠળ કેન્દ્રીયકૃત ઓનલાઈન પોર્ટલ સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

**5.** તાજેતરમાં 'અપર ભદ્રા પ્રોજેક્ટ' (Upper Bhadra Project)ને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે. તે કયા રાજ્યનો પ્રજેક્ટ છે ?

(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) પ.બંગાળ **(A)**

## કિસાન ડ્રોન (Kisan Drones)



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારતમાં ખેતરોમાં જંતુનાશકોના છંટકાવ માટે 100 'કિસાન ડ્રોન' લોન્ચ કર્યા છે.

- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં કેમિકલ મુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'ડ્રોન કિસાન યાત્રા' પણ શરૂ કરવામાં આવી હતી.
- નોંધનીય છે કે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 2022-23ના બજેટમાં કૃષિ અને કૃષિ ક્ષેત્ર માટે મોટા પ્રોત્સાહનોની જાહેરાત કરી હતી.
- તેના ભાગરૂપે કેન્દ્ર નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન સમગ્ર ભારતમાં ખેડૂતોને ડિજિટલ અને હાઈટેક સેવાઓ તથા રાસાયણિક મુક્ત કુદરતી ખેતી પહોંચાડવા માટે કિસાન ડ્રોન, જાહેર–ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે.

### કિસાન ડ્રોન શું છે ?

કિસાન ડ્રોનમાં જંતુનાશક અને પોષક તત્વોથી ભરેલી માનવરહિત ટાંકી હોય છે.

- ડ્રોન લગભગ 5થી 10 કિલો વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે.
- આ ડ્રોન માત્ર 15 મિનિટમાં લગભગ એક એકર જમીન પર 5થી 10 કિલોગ્રામ જંતુનાશક દવાનો છંટકાવ કરી શકે છે.
- જેનાથી સમયની બચત પણ થશે અને ઓછી મહેનતે છંટકાવ પણ સરખી રીતે થશે.
- તેનો ઉપયોગ શાકભાજી, ફળો, માછલી વગેરેને ખેતરોમાંથી બજારો સુધી પહોંચાડવા માટે પણ કરવામાં આવશે.

### કિસાન ડ્રોનનો ઉપયોગ કરવાનું મહત્વ

કિસાન ડ્રોનનો ઉપયોગ દેશમાં કૃષિ ક્ષેત્રને વેગ આપવા માટે કરવામાં આવશે.

- પાકના મૂલ્યાંકન, જમીનના રેકોર્ડનું ડિજિટાઈઝેશન, જંતુનાશકો અને પોષક તત્વોના છંટકાવ માટે ખેડૂત ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ એક નવી ક્રાંતિની શરૂઆત કરશે કારણ કે ઉચ્ચ ક્ષમતા ધરાવતા ડ્રોનનો ઉપયોગ શાકભાજી, ફળો, માછલીઓને ખેતરોમાંથી સીધા બજારોમાં લઈ જવા માટે કરવામાં આવશે.
- ભારતમાં ડ્રોન માર્કેટનો વિકાસ યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 2023માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું સત્ર મુંબઈમાં યોજાશે

મુંબઈ વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)'ના સત્રની યજમાની કરશે.

- આ ઈવેન્ટ 2030 વિન્ટર ઓલિમ્પિક માટે યજમાન દેશ પસંદ કરશે. અને લોસ એન્જલસમાં ઓલિમ્પિક ગેમ્સ 2028 માટે રમત ગમતનું સમયપત્રક નક્કી કરશે.
- આ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું સત્ર આવતા વર્ષે મે અથવા જૂન મહિનામાં યોજાશે.
- ભારત 1983 પછી પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત IOC બેઠકનું આયોજન કરશે.

### IOC સત્ર શું છે ?

IOCના સભ્યોની વાર્ષિક બેઠક 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ' (IOC) સત્ર તરીકે ઓળખાય છે.

- તેમાં 101 વોટિંગ સભ્યો અને 45 માનદ સભ્યોનો સમાવેશ થાય છે.
- વિશ્વવ્યાપી ઓલિમ્પિક ચળવળના મુખ્ય પાસાઓ પર નિર્ણયો અને ચર્ચાઓ, જેમ કે ઓલિમ્પિક ચાર્ટરમાં કોઈપણ ફેરફારોની મંજૂરી IOC સભ્યોની ચૂંટણી અને ઓલિમ્પિક યજમાન શહેરની પસંદગી IOC સત્રોમાં કરવામાં આવે છે.

## જાંબલી ક્રાંતિ અને લેવેન્ડર (લવંડર) ખેતી



કેન્દ્રીય મંત્રી શ્રી જિતેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર જમ્મુ કાશ્મીરના રામબન જિલ્લામાં 'જાંબલી ક્રાંતિ' શરૂ કરવાની યોજના બનાવી રહી છે.

- વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા CSIR-IIIMના એરોમા મિશન હેઠળ લેવેન્ડર ખેતીને પ્રોત્સાહન આપીને જાંબલી ક્રાંતિનું આયોજન કરવામાં આવશે.
- તેની યોજના ડોડા અને રિયાસી જિલ્લાની તર્જ પર બનાવવામાં આવશે.

### જાંબલી ક્રાંતિ

જાંબલી ક્રાંતિ અથવા લેવેન્ડર (લવંડર) ક્રાંતિ વર્ષ 2016માં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR) એરોમા મિશન દ્વારા શરૂ કરવામાં આવી હતી.

- જમ્મુ અને કાશ્મીરના લગભગ 20 જિલ્લાઓમાં લવંડરની ખેતી થાય છે.
- આ મિશન હેઠળ પ્રથમ વખત લવંડરના રોપાઓ મફત આપવામાં આવ્યા હતા.
- જ્યારે અગાઉ લવંડરની ખેતી કરતા ખેડૂતો પાસેથી પ્રતિ છોડ 5-6 રૂપિયા વસુલવામાં આવતા હતા.

## ઉદ્દેશ્ય

આયાતી સુગંધિત તેલમાંથી સ્થાનિક જાતો તરફ આગળ વધીને સ્થાનિક સુગંધિત પાક આધારિત કૃષિ અર્થવ્યવસ્થાને ટેકો આપવો.

## ઉત્પાદન

મુખ્ય ઉત્પાદન લવંડર તેલ છે. જે 10,000 રૂપિયા પ્રતિ લીટર જેટલા ઓછા ભાવે વેચાય છે.

- લવંડર પાણી જે લવંડર તેલથી અલગ છે, તેનો ઉપયોગ ધૂપ લાકડીઓ બનાવવા માટે થાય છે.
- હાઈડ્રોસોલ, જે ફૂલોમાંથી નિસ્યંદન પછી રચાય છે તેનો ઉપયોગ સાબુ અને ફ્રેશનર બનાવવા માટે થાય છે.

## મહત્વ

આ વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની સરકારની નીતિને અનુરૂપ છે.

- તે ઉભરતા ખેડૂતો અને કૃષિ ઉદ્યોગ સાહસિકોને આજીવિકા સાધનો પ્રદાન કરવામાં મદદ કરશે અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપશે. તેમજ આ પ્રદેશમાં ઉદ્યોગ સાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન આપશે.
- જાંબલી ક્રાંતિથી 500થી વધુ યુવાનોને ફાયદો થયો છે અને તેમની આવકમાં અનેક ગણો વધારો થયો છે.

નોંધ : લવંડર એ એક બારમાસી પાક છે અને તે બંજર જમીન પર પણ ઉગાડી શકાય છે.

## એરોમા મિશન

આ મિશનનો ઉદ્દેશ સુગંધ ઉદ્યોગ અને ગ્રામીણ રોજગારના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૃષિ પ્રક્રિયા અને ઉત્પાદન વિકાસમાં ઈચ્છિત હસ્તક્ષેપો દ્વારા એરોમા (સુગંધ) ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન લાવવાનો છે.

- આ મિશન આવા આવશ્યક તેલ માટે સુગંધિત પાકની ખેતીને પ્રોત્સાહન આપશે, જેની સુગંધ ઉદ્યોગમાં ખૂબ માંગ છે.
- આ મિશન ભારતીય ખેડૂતો અને સુગંધ ઉદ્યોગને 'મેન્થોલિક મિન્ટ' જેવા કેટલાક અન્ય આવશ્યક તેલના ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક પ્રતિનિધિ બનવામાં મદદ કરશે.
- તેનો ઉદ્દેશ્ય ખેડૂતોને વધુ નફો કરીને અને પાકને જંગલી અને પાળેલા પ્રાણીઓથી સુરક્ષિત કરીને સમૃદ્ધ બનાવવાનો છે.

નોંધ : પ્રથમ તબક્કા દરમિયાન CSIRએ 6000 હેક્ટર જમીનની ખેતી કરવામાં મદદ કરી અને સમગ્ર દેશમાં 46 મહત્વાકાંક્ષી જિલ્લાઓને આવરી લીધા છે. આ ઉપરાંત 44,000થી વધુ લોકોને તાલીમ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારતમાં ખેતરોમાં જંતુનાશકોના છંટકાવ માટે કેટલા 'કિસાન ડ્રોન' લોન્ચ કર્યા છે ?

(A) 100 (B) 200 (C) 300 (D) 400 **(A)**

---

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 100 કિસાન ડ્રોન લોન્ચ કર્યા હતા. આ કિસાન ડ્રોન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કિસાન ડ્રોનમાં જંતુનાશક અને પોષક તત્વોથી ભરેલી માનવરહિત ટાંકી હોય છે.
2. આ ડ્રોન લગભગ 5થી 10 કિલો વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે.
3. આ કિસાન ડ્રોનનો ઉપયોગ દેશમાં કૃષિ ક્ષેત્રને વેગ આપવા માટે કરવામાં આવશે.
4. આ ડ્રોનના નિર્માણ માટે DRDOએ MNSTR અને SVP ગ્રુપ સાથે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

3. કયું શહેર વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ' (IOC)ના સત્રની યજમાની કરશે ?

(A) ટોકયો (B) મુંબઈ (C) કોલકાતા (D) પેરિસ **(B)**

---

4. તાજેતરમાં કેન્દ્રીયમંત્રી શ્રી જિતેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર............ના રામબન જિલ્લામાં 'જાંબલી ક્રાંતિ' શરૂ કરવાની યોજના બનવી રહી છે.

(A) જમ્મુ–કાશ્મીર (B) જેસલમેર
(C) ભોપાલ (D) લખનૌ **(A)**

## ભારતના 16 વર્ષિય શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનાનંદે વિશ્વ ચેમ્પિયન શ્રી મૈગ્નસ કાર્લસનને હરાવ્યા

ભારતના યુવા ગ્રાન્ડ માસ્ટર ચેસ ખેલાડી શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનાનંદ (R. Praggnananadha)એ ઓનલાઈન ચેમ્પિયનશિપમાં વિશ્વના નંબર વન ચેસ ખેલાડી શ્રી મૈગ્નસ કાર્લસનને હરાવ્યા હતા.

- ઓનલાઈન ઓયોજિત એરથિંગ્સ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટના પ્રારંભિક તબક્કાના આઠમાં રાઉન્ડમાં આ વિજય થયો હતો.
- આ ટુર્નામેન્ટ 1.6 મિલિયન મેલ્ટવોર ચેમ્પિયનશિપ ચેસ ટુર હેઠળની નવ ઈવેન્ટમાંથી પ્રથમ છે.
- આ પ્રવાસ ફેબ્રુઆરી થી નવેમ્બર, 2022 સુધી ચાલશે.
- આ ટુર્નામેન્ટનો સમય ખેલાડી દીઠ રમત દીઠ 15 મિનિટ લાગે છે, જેમાં દરેક ચાલ પછી 10 સેકન્ડનો વધારો થાય છે.

નોંધ : (1) શ્રી મૈગ્નસ કાર્લસન નોર્વેના પાંચ વખતના વિશ્વ ચેસ ચેમ્પિયન અને ચેસ ગ્રાન્ડ માસ્ટર છે.

(2) અત્યાર સુધી માત્ર 2 ભારતીય ચેસ ખેલાડીઓએ વિશ્વ ચેમ્પિયન મૈગ્નસ કાર્લસનને હરાવ્યા છે, જેમાં પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન શ્રી વિશ્વનાથ આનંદ અને ભારતના સૌથી યુવા ગ્રાન્ડ માસ્ટર શ્રી પેંડ્યાલા હરિકૃષ્ણનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વાર્ષિક ફ્રન્ટિયર્સ રિપોર્ટ-2022

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)એ તેનો 'નોઈઝ, બ્લેઝ એન્ડ મિસમેચેસ' નામનો વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ બહાર પાડ્યો છે.

- આ રિપોર્ટ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ એસેમ્બલીની બેઠકના 10 દિવસ પહેલા જાહેર કરવામાં આવ્યો છે.
- આ ફ્રન્ટિયર્સ રિપોર્ટ ત્રણ મુદ્દાઓની ઓળખ કરે છે અને આબોહવા પરિવર્તન, પ્રદુષણ અને જૈવવિવિધતાના નુકસાનના જોખમને સંબોધવા માટે ઉકેલો પૂરા પાડે છે.
- આ પર્યાવરણીય મુદ્દાઓમાં શહેરી અવાજનું પ્રદૂષણ, જંગલની આગ અને ફેનોલોજીકલ ફેરફારોનો સમાવેશ થાય છે.

### રિપોર્ટની મુખ્ય વિશેષતાઓ

### શહેરી અવાજનું પ્રદૂષણ

રોડ ટ્રાફિક, રેલવે અથવા અન્ય માનવીય પ્રવૃત્તિઓના કારણે થતા અનિચ્છનીય, મોટા અને ઊંચા અવાજો માનવ સ્વાસ્થયને અસર કરે છે.

- ટ્રાફિકને કારણે થતી હેરાનગતિ અને ઊંઘમાં ખલેલ ખૂબ જ નાની ઉંમરે ગંભીર હૃદય રોગ અને મેટાબોલિક ડિસઓર્ડર તરફ દોરી શકે છે. અને મોટા ભાગે વ્યસ્ત રસ્તાઓ નજીક રહેતા વૃધ્ધો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને અસર કરે છે.

## જંગલમાં આગ

વાતાવરણીય ગ્રીન હાઉસ વાયુઓની સાંદ્રતામાં વધારો અને જંગલમાં આગ લાગવાના જોખમમાં વધારો થવાથી વધુ જોખમી હવામાન પરિસ્થિતિઓ તરફ વલણ વધવાની શક્યતા છે.

- આબોહવા પરિવર્તન અતિશય જંગલની આગને પ્રેરિત કરીને તાપમાનમાં વધારો કરી શકે છે.
- આવિ આત્યંતિક ઘટનાઓ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે વિનાશક છે.
- સવાના ઈકોસિસ્ટમમાં પણ જંગલમાં આગ વધુ સામાન્ય બની છે, જે સવાના (સવન્ના) ઈકોસિસ્ટમમાં એક ચતુર્થાંશ પ્રજાતિઓને અસર કરે છે.
- વાયુ પ્રદૂષણ માટે જંગલની આગ પણ જવાબદાર છે.
- સપ્ટેમ્બર, 2021માં પ્રકાશિત થયેલા વૈશ્વિક અભ્યાસ મુજબ જંગલમાં આગ સંબંધિત પ્રદૂષણ અને તેની અસરોને કારણે થતા માનવ મૃત્યુ વચ્ચે નોંધપાત્ર સંબંધ છે.

## ફિનોલોજીકલ ભિન્નતા

પાર્થિવ, જળચર અને દરિયાઈ જીવસૃષ્ટિમાંના છોડ અને પ્રાણીઓ તાપમાન, દિવસની લંબાઈ અથવા વરસાદનો ઉપયોગ ક્યારે ફળ આપવાના અથવા ક્યારે સ્થળાંતર કરવાના સંકેત તરીકે કરે છે.

- આબોહવા પરિવર્તન આ કુદરતી ચક્રને વિક્ષેપિત કરે છે કારણ કે તે છોડ અને પ્રાણીઓને પ્રકૃતિ સાથે સૂમેળથી દૂર કરે છે, પરિણામે અસંતુલન થાય છે.
- ઉદાહરણ તરીકે વનસ્પતિનું જીવન ચક્ર શાકાહારીઓ કરતા વધુ ઝડપી બદલાય છે.
- ફિનોલોજી એ જીવન ચક્રના તબક્કાનો સમયગાળો છે, જે પર્યાવરણીય પરિબળો દ્વારા સંચાલિત થાય છે તેમજ ઈકોસિસ્ટમમાં કાર્યરત પ્રજાતિઓ બદલાતી પરિસ્થિતિઓને કેવી રીતે પ્રતિભાવ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## UNEP

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) એ 5 જૂન, 1972ના રોજ સ્થાપિત એક મુખ્ય વૈશ્વિક પર્યાવરણીય સત્તા (અથવા સંસ્થા) છે.

- તે પર્યાવરણીય ચિંતાના ઉભરતા મુદ્દાઓને ઓળખવા અને ધ્યાન દોરવા તરફ કામ કરે છે.
- તે વૈશ્વિક પર્યાવરણીય એજન્ડા સેટ કરે છે, યુનાઈટેડ નેશન્સ સિસ્ટમમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે અને વૈશ્વિક પર્યાવરણીય સંરક્ષણ માટે સત્તાવર વક્તા તરીકે સેવા આપે છે.
- તેમના મુખ્ય અહેવાલો અથવા રિપોર્ટમાં ઉત્સર્જન ગેપ રિપોર્ટ, એડપ્ટેશન ગેપ રિપોર્ટ, વૈશ્વિક પર્યાવરણ આઉટલુક, ફ્રન્ટિયર્સ અને ઈન્વેસ્ટ ઈન હેલ્દી પ્લાનેટનો સમાવેશ થાય છે.
- તેમનું મુખ્ય મથક કેન્યાના નૈરોબી ખાતે આવેલું છે.

## નેશનલ મીન્સ-કમ-મેરિટ શિષ્યવૃત્તિ (NMMS) યોજના

શિક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં 'નેશનલ મીન્સ–કમ–મેરિટ શિષ્યવૃત્તિ' (NMMS) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

- નેશનલ મીન્સ–કમ–મેરિટ શિષ્યવૃત્તિ યોજના (NMMSS) શિક્ષણ મંત્રાલય દ્વારા પાંચ વર્ષના સમયગાળા માટે એટલે કે વર્ષ **2021-22 થી 15માં નાણાપંચને** કુલ **રૂ. 1827.00** કરોડના નાણાકીય ખર્ચ સાથે એનાયત કરવામાં આવી છે.
- આ યોજના હેઠળ યોગ્યતાના માપદંડોમાં નાના ફેરફારો અને નવીકરણ માપદંડો સુધારા સાથે **2025-26** સુધી ચાલુ રાખવા મંજૂરી આપી છે.

### નેશનલ મીન્સ-કમ-મેરિટ શિષ્યવૃત્તિ યોજના

નેશનલ મીન્સ–કમ–મેરિટ સ્કોલરશીપ યોજના (NMMSS) એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

- આર્થિક રીતે નબળા વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ ધોરણ **8 માંથી** અભ્યાસ છોડી ન દે તે માટે વર્ષ **2008-09**માં આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- વર્ષ **2020-21** સુધી **22.06** લાખ શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવી છે, જેમાં રૂ. **1783.30** કરોડના ખર્ચનો સમાવેશ થાય છે.
- તે માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવા સાથે વ્યવહાર કરે છે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકાર દર વર્ષે ધોરણ **IX (9) થી XII (12)**ના પસંદ કરેલા વિદ્યાર્થીઓને સહકારી સહાયિત અને સ્થાનિક સંસ્થાઓની શાળાઓમાં અભ્યાસ કરવા માટે એક લાખ નવી શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે. અને ધોરણ 9 થી 12માં ચાલુ રાખવા/નવીકરણ માટે પ્રોત્સાહિત કરે છે.

### શિષ્યવૃત્તિની વિગતો

આ યોજના હેઠળ દર વર્ષે ધોરણ 9ના પસંદ કરેલા વિદ્યાર્થીઓને વાર્ષિક **રૂ. 12,000 (રૂ. 1000 દર મહિને)**ની એક નવી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- શિષ્યવૃત્તિ આપવા માટે રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.
- આ શિષ્યવૃત્તિ ત્રિમાસિક ધોરણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓના ખાતામાં જ વિતરિત કરવામાં આવે છે.
- જે વિદ્યાર્થીઓના માતા–પિતાની તમામ સ્ત્રોતમાંથી આવક રૂ. **3,50,000** થી વધુ નથી તેઓ શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** તાજેતરમાં કયા ભારતીય ચેસ ખેલાડીએ ઓનલાઈન ચેમ્પિયનશિપમાં વિશ્વના નંબર વન ચેસ ખેલાડી શ્રી મૈગ્નસ કાર્લસનને હરાવ્યા હતા ?

(A) શ્રી અર્જુન કલ્યાણ (B) શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનાનંદ

(C) શ્રી સંકલ્પ ગુપ્તા (D) શ્રી જી. આકાશ **(B)**

**2.** તાજેતરમાં કોણે 'નોઈઝ, બ્લેઝ એન્ડ મિસમેચેસ' નામનો વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ બહાર પાડ્યો હતો ?

(A) UNEP (B) MSEP (C) ADB (D) WHO **(A)**

**3.** વાર્ષિક ફ્રન્ટિયર્સ રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા બહાર પાડવામાં આવે છે.

(B) આ ફ્રન્ટિયર્સ રિપોર્ટ ત્રણ મુદ્દાઓની ઓળખ કરે છે અને આબોહવા પરિવર્તન, પ્રદૂષણ અને જૈવવિવિધતાના નુકસાનના જોખમને સંબોધવા માટે ઉકેલો પુરા પાડે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

**4.** શિક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં 'નેશનલ મીન્સ–કમ–મેરિટ શિષ્યવૃત્તિ યોજના' (NMMSS) કેટલા વર્ષ માટે ચાલુ રાખવાની મંજૂરી આપી છે ?

(A) 5 (B) 7 (C) 10 (D) 15 **(A)**

**5.** નેશનલ મીન્સ–કમ–મેરિટ યોજના (NMMSS) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. NMMSS એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
2. આર્થિક રીતે નબળા વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ ધોરણ 8 માંથી અભ્યાસ છોડી ન દે તે માટે વર્ષ 2008-09માં આ યોજના શરૂ કરવામાં આવી હતી.
3. આ યોજના હેઠળ દર વર્ષે ધોરણ 9ના પસંદ કરેલા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. 12,000 (રૂ. 1000 દર મહિને)ની એક લાખ નવી શિષ્યવૃત્તિ યોજના આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2, અને 3 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day

## ભારત અને ઓમાન વચ્ચે 'ઈસ્ટર્ન બ્રિજ-VI' હવાઈ અભ્યાસ શરૂ થયો

તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) અને ઓમાનની રોયલ એર ફોર્સે જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે પાંચ દિવસીય દ્વિપક્ષીય કવાયત શરૂ કરી છે.

- આ કવાયતને ઈસ્ટર્ન બ્રિજ VI (6) નામ આપવામાં આવ્યું છે.
- આ કવાયત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબધોને મજબૂત કરવા ઉપરાંત પરસ્પર પરામર્શ, અનુભવોનું આદાનપ્રદાન અને ઓપરેશનલ જ્ઞાનને વધારશે.
- ભારત અને ઓમાન વચ્ચેના આ અભ્યાસની છઠ્ઠી આવૃત્તિ છે.
- આ અભ્યાસ બંને વાયુસેના વચ્ચે ઓપરેશનલ ક્ષમતા તેમજ આંતરકાર્યક્ષમતા વધારવાની તક પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવી રહી છે.

નોંધ : ઓક્ટોબર, 2019માં ઓમાનના એરફોર્સ બેઝ મસિરાહ ખાતે ઈસ્ટર્ન બ્રિજની પાંચમી આવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સંજીવ સાન્યાલ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM)ના નવા સભ્ય બન્યા



તાજેતરમાં શ્રી સંજીવ સાન્યાલને વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC- PM)માં પૂર્ણ સમયના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી સંજીવ સાન્યાલ આ અગાઉ નાણામંત્રીના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે.
- વર્ષ 2015 સુધી તેઓ ડોઈશ બેંકમાં મેનેજિંગ ડિરેક્ટર અને ગ્લોબલ સ્ટ્રેટ્રેજિસ્ટ હતા.
- વર્ષ 2017માં તેમને ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2014માં વર્લ્ડ સિટીઝ સમિટમાં સિંગાપોર સરકાર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ'નું ઉદ્દ્ઘાટન કર્યું

22 ફેબ્રુઆરી, 2022ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે વર્ચ્યુઅલ મોડમાં 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ'નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.

- 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે' એ શાળાના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાઓ અને વ્યાખ્યાનોનો એક સપ્તાહનો દેશવ્યાપી કાર્યક્રમ છે.
- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે આ ઈવેન્ટનું આયોજન કરવા માટે મધ્યપ્રદેશમાં ત્રણ સંસ્થાઓની પંસદગી કરી છે.
- MP કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (MPCST) ભોપાલ, SGSITS કોલેજ ઈન્દોર અને રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલય જબલપુર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.
- આ કાર્યક્રમમાં સરકારી અને ખાનગી સંસ્થાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

## ઉદ્દેશ્ય

વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓને રોજિંદા ઉપયોગની વસ્તુઓના વૈજ્ઞાનિક જ્ઞાન તરફ આકર્ષિત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

- આ ઉપરાંત આ કાર્યક્રમનો હેતુ વૈજ્ઞાનિક સિંધ્ધાતોનો પ્રચાર કરવાનો પણ છે.

## થીમ

દરરોજ વિવિધ થીમ પર વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેની થીમ નીચે મુજબ સૂચિબધ્ધ છે :

- 23 ફેબ્રુઆરી : ભારતીય વિજ્ઞાનનો ઈતિહાસ
- 24 ફેબ્રુઆરી : આધુનિક ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજીના માઈલસ્ટોન્સ
- 25 ફેબ્રુઆરી : સ્વદેશી પંરપરાગત શોધ અને નવીનતાઓ
- 26 ફેબ્રુઆરી : સાયન્સ લિટરેચર ફેસ્ટિવલ
- 27 ફેબ્રુઆરી : આગામી 25 વર્ષો માટે વિજ્ઞાન અને ટેકોનલોજી

1. **'Central Excise Day'** તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ફેબ્રુઆરી (B) 23 ફેબ્રુઆરી (C) 24 ફેબ્રુઆરી (D) 25 ફેબ્રુઆરી **(C)**

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'ઈસ્ટર્ન બ્રિજ– **VI**' નામનો હવાઈ અભ્યાસ યોજાયો હતો ?

(A) ઓમાન (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) માલદીવ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ **(EAC- PM)**ના પૂર્ણકાલીન સભ્ય તરીકે નીચેનામાંથી કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી સંજય ચૌધરી (B) શ્રી સંજીવ સાન્યાલ (C) શ્રી સંજય ગુપ્તા (D) શ્રી સંજીવ પુરોહિત **(B)**

4. તાજેતરમાં કોણે 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે' સપ્તાહનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતભાઈ શાહ

(C) શ્રી વૈંકેયા નાયડુ (D) શ્રી રામ નાથ કોવિંદ **(D)**

## P-8I પેટ્રોલ એરક્રાફ્ટ



અમેરિકન એરોસ્પેસ કંપની બોઈંગે ભારતીય નૌકાદળને 12મું લોન્ગ રેન્જ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ P-8I સોપ્યું છે.

- વર્ષ 2016માં ચાર વધારાના એરક્રાફટના સપ્લાય માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા હસ્તાક્ષર કરાયેલ વૈકલ્પિક કરાર હેઠળ આ ચોથું વિમાન છે.

### P-8I એરક્રાફ્ટ

P-8I એરક્રાફટ એ લાંબા અંતરનું દરિયાઈ પેટ્રોલિંગ અને એન્ટિ સબમરીન યુધ્ધ વિમાન છે.

- તે અમેરિકાની એરોસ્પેસ કંપની બોઈંગ દ્વારા યુ.એસ નેવીના જૂના P-3 કાફલાના રિપ્લેસમેન્ટ તરીકે વિકસિત P-8A પોસોઈડન એરક્રાફટનો એક પ્રકાર છે.
- P-8I એરક્રાફ્ટ 907 કિ.મી પ્રતિ કલાકની મહત્તમ ઝડપ અને 1200 નોટિકલ માઈલથી વધુની ઓપરેટિંગ રેન્જ સાથેના જોખમોને શોધી શકે છે અને જો જરૂરી હોય તો ભારતીય કિનારા સુધી પહોંચે તે પહેલા આ જોખમોને નિષ્ક્રિય કરી શકે છે.
- વર્ષ 2009માં ભારતીય નૌકાદળ P-8I એરક્રાફ્ટ માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રાહક બન્યું હતું.
- નેવીએ વર્ષ 2009માં 2.2 બિલિયન યુ.એસ ડોલરના સોદામાં P-8I ખરિદ્યા હતા.
- આ એરક્રાફ્ટ તમિલનાડુના અરક્કોનમમાં સ્થિત 312 A નેવલ એર સ્કોવડ્રનનો ભાગ છે.
- વર્ષ 2016માં 1 બિલિયન યુ.એસ ડોલરના સોદામાં વધુ ચાર P-8I માટે વૈકલ્પિક ખંડનો ઉપયોગ કર્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2021માં યુ.એસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ભારતને છ વધારાના P-8I એરક્રાફ્ટ અને સંબંધિત સાધનોના સંભવિત વેચાણને મંજૂરી આપી હતી.
- એનક્રિપ્ટેડ કમ્યુનિકેશન સિસ્ટમ સાથેના છ P-8I ને તૈનાત કરવામાં આવશે. કારણ કે ભારતે યુ.એસ.એ સાથે કોમ્યુનિકેશન્સ કોમ્પેટિબિલિટી એન્ડ સિક્યુરિટી એગ્રીમેન્ટ (COMCASA) પરના મૂળભૂત કરાર હસ્તાક્ષર કર્યા છે.

નોંધ : (1) કોમ્યુનિકેશન્સ કોમ્પેટિબિલિટી એન્ડ સિક્યોરિટી એગ્રીમેન્ટ (COMCASA) એ અમેરિકા અને ભારત વચ્ચે સંચાર સુરક્ષા સાધનોના સ્થાનાંતરણ માટેનું એક કાનુની માળખું છે.

(2) જે તેમની સૈન્ય વચ્ચે 'ઈન્ટર ઓપરેબિલિટી' અને સંભવત : અન્ય સૈન્ય સાથે ડેટા લિંક સિક્યુરિટી આધારિત સિસ્ટમને સુરક્ષિત કરવા માટે છે.

(3) બોઈંગ કંપની એ અમેરિકન બહુરાષ્ટ્રીય કોર્પોરેશન છે જે વિશ્વભરમાં એરોપ્લેન, રોટરક્રાફ્ટ, રોકેટ, ઉપગ્રહો, મિસાઈલો વગેરેનું ઉત્પાદન અને વેચાણ કરે છે.

# સસ્ટેનેબલ સિટીઝ ઇન્ડિયા પ્રોગ્રામ

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA) દ્વારા સંયુક્ત રીતે ડિઝાઈન કરાયેલ 'સસ્ટેનેબલ સિટીઝ ઈન્ડિયા પ્રોગ્રામ' પર સહયોગ કરવા માટે એક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- આ પહેલ COP 26માં આબોહવા શમન પ્રતિભાવ તરીકે વર્ષ 2070 સુધીમાં નેટ ઝીરો માટે ભારતની પ્રતિબધ્ધતાને અનુસરે છે.

## સસ્ટેનેબલ સિટીઝ ઈન્ડિયા પ્રોગ્રામના મુખ્ય મુદ્દાઓ

તેનો ઉદ્દેશ શહેરોના ઉર્જા, પરિવહન અને પર્યાવરણીય ક્ષેત્રોમાં ડીકાર્બોનાઈઝેશન સોલ્યુશન પ્રદાન કરીને સક્ષમ વાતાવરણ બનાવવાનો છે.

- WEF અને NIUA બે વર્ષમાં WEFની 'સિટી સ્પ્રિન્ટ પ્રોસેસ' અને 'ટૂલબોક્સ ઓફ સોલ્યુશન્સ' હેઠળ ડીકાર્બોનાઈઝેશન માટે પાંચથી સાત ભારતીય શહેરોને અનુકૂલિત કરશે.
- સિટી સ્પ્રિન્ટ પ્રોસેસ : આ બહુ–ક્ષેત્રિય, બહુ–હિતધારક વર્કશોપની શ્રેણી છે જેમાં બિઝનેસ, સરકાર અને નાગરિક સમાજના નેતાઓનો સમાવેશ થાય છે, સ્વચ્છ વિદ્યુતીકરણ અને વિતરણ દ્વારા ડીકાર્બોનાઈઝેશનને સક્ષમ કરવા માટે તેનો ખાસ અમલ કરવામાં આવ્યો છે.
- ટૂલ બોક્સ ઓફ સોલ્યુશન્સ : તે એક ડિજિટલ પ્લેટફોર્મ છે જેમાં વિશ્વના 110 થી વધુ શહેરોમાં મકાન, ઉર્જા પ્રણાલીઓ અને ગતિશીલતા સમસ્યાઓ માટે સ્વચ્છ વીજળીકરણ, કાર્યક્ષમતા અને સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચરનાં 200 થી વધુ ઉદાહરણોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડીકાર્બોનાઈઝેશનની જરૂરિયાત

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ગ્લોબલ રિસ્ક રિપોર્ટ 2022 મુજબ ભારત જેવા ગીચ વસતીવાળા દેશો કે જેઓ કૃષિ પર ખૂબ જ નિર્ભર છે તેઓ ખાસ કરીને આબોહવાની અસુરક્ષા માટે સંવેદનશીલ છે.

- શહેરોમાં ડીકાર્બોનાઈઝેશન એ ગ્લોબલ વોર્મિંગને 2 ડિગ્રી સેલ્સિયસથી નીચે રાખવાની એક વાસ્તવિક તક છે અને ભારતના શહેરો આ લક્ષ્ય સુધી પોહોંચવામાં મોટો ફાળો આપી શકે છે.
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમના નેટ ઝીરો કાર્બન મિશનનું શહેરોનું મિશન સ્વચ્છ વીજળીકરણ અને વિતરણ માટે સક્ષમ વાતાવરણ ઊભુ કરવાનું છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઉર્જા, પર્યાવરણ અને વાહનવ્યવહાર ક્ષેત્રોમાં અંતરને દૂર કરવા માટે જાહેર ખાનગી સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

નોંધ : (1) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA) વર્ષ 1976માં સ્થપાયેલ શહેરી આયોજન અને વિકાસ પર ભારતની અગ્રણી રાષ્ટ્રીય વિચારસરણી છે.

(2) વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) એ આંતરરાષ્ટ્રીય બિન–સરકારી સંસ્થા છે. તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં આવેલું છે.

1. તાજેતરમાં કઈ અમેરિકન એરોસ્પેસ કંપનીએ ભારતીય નૌકાદળને P- 8I પેટ્રોલ એરક્રાફટ સોંપ્યું છે ?

(A) સ્પેસએક્સ (B) બોઈંગ (C) ટેસ્લા (D) US એરોસ્પેસ (B)

2. P-8I એરક્રાફટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. P-8I એરક્રાફટ એ લાંબા અંતરનું દરિયાઈ પેટ્રોલિંગ અને એન્ટિ સબમરીન યુધ્ધ વિમાન છે.

2. આ એરક્રાફટને અમેરિકાની એરોસ્પેસ કંપની બોઈંગ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

3. P-8I એરક્રાફટ 907 કિ.મી પ્રતિ કલાકની મહત્તમ ઝડપ અને 1200 નોટિકલ માઈલથી વધુની ઓપરેટિંગ રેન્જ સાથેના જોખમોને શોધી શકે છે.

4. વર્ષ 2009માં ભારતીય નૌકાદળ P- 8I એરક્રાફટ માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રાહક બન્યું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) અને........દ્વારા સંયુક્ત રીતે ડિઝાઈન કરાયેલ 'સસ્ટેનેબલ સિટીઝ ઈન્ડિયા પ્રોગ્રામ' પર સહયોગ કરવા માટે એક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

(A) નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA)

(B) નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ (NIO)

(C) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)

(D) ઈન્ડિયન એન્વાયર્નમેન્ટલ ઓફિસ (IEO) (A)

## International IP Index 2022માં ભારત 43માં ક્રમે




અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના Global Innovation Policy Center (GIPC) દ્વારા તાજેતરમાં International IP (Intellectual Property- બૌધ્ધિક સંપદા) Index, 2022 પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 55 દેશોમાંથી ભારત 43માં ક્રમે છે.
- International Ip Indexની આ નવમી આવૃત્તિ છે.
- જેમાં તાજેતરની આ આવૃત્તિમાં ભારતનો એકંદર સ્કોર 38.40 ટકા(50 માંથી 19.20) થી વધીને 38.64 (50 માંથી 19.32) થયો છે.
- આ વર્ષના અહેવાલમાં પાછલા 10 વર્ષના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અને જોવા મળ્યું છે કે વૈશ્વિક IP સતત સુધર્યો છે.
- આ રિપોર્ટમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ઉભરતી અર્થવ્યવસ્થાઓ તેમના IP ગવર્નન્સને મજબૂત બનાવી રહી છે.

### પ્રથમ અને અંતિમ રેન્ક

વર્ષ 2022ના આ બૌધ્ધિક સંપદા ઈન્ડેક્સમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.

- જ્યારે અમેરિકા બાદ બ્રિટન બિજા અને જર્મની ત્રીજા ક્રમે છે.
- વેનેઝુએલા આ ઈન્ડેક્સમાં અંતિમ 55 માં ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઈન્ટરનેશનલ બૌધ્ધિક સંપદા (IP) ઈન્ડેક્સ 2022 રેન્ક

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | બ્રિટન (યુ.કે) |
| 3 | જર્મની |
| 4 | સ્વીડન |
| 5 | ફ્રાન્સ |
| 43 | ભારત |
| 55 | વેનેઝુએલા |

## નૌકાદળની બહુપક્ષીય ક્વાયત 'મિલન-2022'

ભારતીય નૌકાદળની બહુપક્ષીય ક્વાયત મિલન (MILAN) 2022ની નવીનત્તમ આવૃત્તિ 25 ફેબ્રુઆરી, 2022થી 'સિટી ઓફ ડેસ્ટિની' તરીકે પ્રખ્યાત વિશાખાપટ્ટનમ શહેરમાં હાથ ધરવામાં આવશે.

- આ કવાયત અથવા અભ્યાસની વર્ષ 2020ની આવૃત્તિ કોવિડ–19ના કારણે મુલતવી રાખવામાં આવી હતી.
- આ કવાયતમાં 40 થી વધુ દેશો તેમના યુધ્ધ જહાજો અને ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ મોકલશે.
- MILANની આ આવૃત્તિ 'સ્કોપ અને જટિલતા'ની દષ્ટિએ વિશાળ હશે, જેમાં સપાટી, ઉપ–સપાટી અને હવાઈ યુધ્ધ અને શસ્ત્ર ફાયરિંગ કવાયતો સહિત સમુદ્ર પરના અભ્યાસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- MILAN 2022ની કવાયતની થીમ 'Camaraderie-Cohesion-Collaboration' (સહકારિતા–સંકલન–સહયોગ) છે.
- જેનો ઉદ્દેશ્ય ભારતને સમગ્ર વિશ્વમાં એક જવાબદાર દરિયાઈ શક્તિ તરીકે રજૂ કરવાનો છે.

### MILAN

મિલન અથવા મિલાન એ ભારતીય નૌકાદળ દ્વારા આંદામાન અને નિકોબાર કમાન્ડ ખાતે વર્ષ 1995માં શરૂ કરવામાં આવેલ દ્વિવાર્ષિક બહુપક્ષીય નૌકા કવાયત છે.

- વર્ષ 1995ની આવૃત્તિમાં માત્ર ચાર દેશો ઈન્ડોનેશિયા, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડની ભાગીદારીથી શરૂ થયેલી આ કવાયતમાં સહભાગીઓની સંખ્યા અને કવાયતની જટિલતાના સંદર્ભમાં ઘણાં ફેરફારો થયા છે.
- મૂળ રૂપે ભારતની 'લુક ઈસ્ટ પોલિસી'ને અનુરૂપ શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન (Bhasha Certificate Selfie Campaign)

તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' (EBSB) હેઠળ 'ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન' શરૂ કર્યુ છે.

- આ અગાઉ વર્ષ 2021માં શિક્ષણ મંત્રાલયે એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ ભાષા સંગમ પહેલ શરૂ કરી હતી.
- ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન સાંસ્કૃતિક વિવિધતાને પ્રોત્સાહિત કરવા, બહુભાષિયતાને પ્રોત્સાહન આપવા અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ફેલાવવા માટે શરૂ કરવામાં આવી છે.
- તેનો હેતુ શિક્ષણ મંત્રાલય અને MyGOV ઈન્ડિયા દ્વારા વિકસિત ભાષા સંગમ મોબાઈલ એપને પ્રોત્સાહન આપવાનો છે.

- ભાષા સંગમ મોબાઈલ એપ રાષ્ટ્રીય એકતા દિવસ 2021 (ઓક્ટોબર 31)ના અવસરે લોન્ચ કરવામાં આવી હતી.
- તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે લોકો ભાષાઓમાં મૂળભૂત સંચાર કૌશલ્ય પ્રાપ્ત કરે.
- આ અંતર્ગત 75 લાખ લોકો દ્વારા મૂળભૂત સંચાર કૌશલ્ય પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.
- ભાષા પ્રમાણપત્ર સેલ્ફીની આ પહેલ લોકોને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ માંથી # Bhashacertificateselfie હેશટેગનો ઉપયોગ કરીને પ્રમાણપત્ર સાથે તેમની સેલ્ફી અપલોડ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે.



**1. GIPC દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા ઈન્ટરનેશનલ બૌધ્ધિક સંપદા (IP) ઈન્ડેક્સ 2022માં કુલ 55 દેશમાંથી ભારત કયા ક્રમે છે ?**

(A) 36 (B) 43 (C) 42 (D) 44 **(B)**

**2. GIPC ઈન્ટરનેશનલ બૌધ્ધિક સંપદા (IP) ઈન્ડેક્સ 2022માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?**

(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) સ્વીડન (D) અમેરિકા **(D)**

**3. GIPC ઈન્ટરનેશનલ બૌધ્ધિક સંપદા (IP) ઈન્ડેક્સ 2022માં અંતિમ ક્રમે કયો દેશ છે ?**

(A) ઝિમ્બાબ્વે (B) વેનેઝુએલા (C) કોંગો (D) મોંગોલિયા **(B)**

**4. કયા દેશની ચેમ્બર ઓફ કોમર્સના ગ્લોબોલ ઈનોવેશન પોલિસી સેન્ટર (GIPC) દ્વારા ઈન્ટરનેશનલ બૌધ્ધિક સંપદા ઈન્ડેક્સ પ્રસિધ્ધ કરવામાં આવે છે ?**

(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) સ્વીડન **(C)**

**5. ભારતીય નૌકાદળની બહુપક્ષીય કવાયત 'MILAN- 2022' કયા શહેરમાં હાથ ધરવામાં આવશે ?**

(A) વિશાખાપટ્ટનમ (B) ચેન્નાઈ (C) મેંગ્લોર (D) કોચી **(A)**

**6. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલયે એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ 'ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન શરૂ કર્યુ છે ?**

(A) શિક્ષણ મંત્રાલય (B) સહકાર મંત્રાલય (C) ગૃહ મંત્રાલય (D) નાણામંત્રાલય **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

તાજેતરમાં ગુજરાતના જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અટલ ભૂજલ યોજના અંગે માહિતી પહોંચતી કરવા ગાંધીનગરથી 'અટલ ભૂજલ રથ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રાજ્યના અંતિમ નાગરિક સુધી અટલ ભૂજલ યોજનાનો સંદેશો પહોંચતો કરી 'જન–જનને ભૂજલ' માટેનો સંકલ્પ કર્યો હોવાનું જણાવીને મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રાજ્યના પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોમાં 'અટલ ભૂજલ યોજના' અંતર્ગત વિવિધ કામગીરી હાથ ધરીને પાણીના સ્તર ઊંચા લાવવાનો ભગીરથ પ્રયાસ હાથ ધરાયો હોવાનું જણાવ્યું હતું. અટલ ભૂજલ યોજના અંગે જનજાગૃતિ વધે તે માટે ગુજરાત રિસોર્સિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રાજ્યના ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને કચ્છ એમ કુલ 6 જિલ્લાઓના 36 તાલુકાઓના 2252 ગામડાઓમાં અટલ જલ રથનું ભ્રમણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ દેશભરમાં 1000 EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપયા**

તાજેતરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને (IOC) જાહેરાત કરી હતી કે તેમણે ભારતમાં 1000થી વધુ ઈલેક્ટ્રિક ચાર્જિંગ (EVCS) સ્થાપિત કર્યા છે. 1000 થી વધુ EV ચાર્જિંગ પોઈન્ટ્સની સફળતા પછી ઈન્ડિયન ઓઈલે ભારતમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલ (EV) ક્રાંતિને સક્ષમ કરવા માટે ઘણા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. ઈન્ડિયન ઓઈલ આગામી ત્રણ વર્ષમાં 10,000 ઈંધણ સ્ટેશનો પર EV ચાર્જિંગ સુવિધાઓ પ્રદાન કરવા જઈ રહ્યું છે. તેમણે નાગપુરમાં પ્રથમ EV ચાર્જર સ્થાપિત કર્યુ હતું.

➤ **'લાભાર્થી સે રૂબરૂ' પહેલ**

18 ફેબ્રુઆરી, 2022ના રોજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)એ 'લાભાર્થીઓ સે રૂબરૂ' પહેલ હેઠળ વર્ચ્યુઅલ મોડમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. લાભાર્થીઓ સાથે સીધો સંપર્ક કરીને મિશન હેઠળના પ્રોજેક્ટ્ની પ્રગતિ પર નજર રાખવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ MoHUA સત્રમાં સેક્રેટરીએ આસામ, કેરળ અને ઝારખંડના PMAY (U) લાભાર્થીઓ સાથે તેમની સશક્તિકરણની વાર્તાઓ અને પોતાનું પાકું મકાન મેળવ્યા પછી જીવન બદલતા અનુભવો વિશે જાણવા માટે વાર્તાલાપ કર્યો હતો. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'લાભાર્થી સે રૂબરૂ' પહેલનું આયોજન કરવામાં આવ્યું છે. તે MoHUA દ્વારા સપ્ટેમ્બર 2021માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

➤ **'મેરી પોલિસી મેરે હાથ અભિયાન' શરૂ કરવામાં આવ્યું**

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)ના અમલીકરણના સાતમાં વર્ષમાં પ્રવેશી રહેલી આગામી ખરીફ સિઝન સાથે સરકારે 'મેરી પોલિસી મેરે હાથ' અભિયાન તરીકે ઓળખાતી નવી ઘર આંગણે પાક વીમા વિતરણ નીતિઓ અને PMFBY દાવા અને ફરિયાદ નિવારણ પ્રક્રિયા વિશે સારી રીતે માહિતીગાર કરવા માટે 'મેરી પોલિસી મેરે હાથ' ડોર–સ્ટેપ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

➤ **આઝાદી કા અમૃત મહોત્સવ વિશેષ સપ્તાહ**

વિદેશ મંત્રાલય 21 ફેબ્રુઆરી, 2022 થી 27 ફેબ્રુઆરી, 2022 સુધી આઝાદી કા અમૃત મહોત્સવને વિશેષ સપ્તાહ તરીકે ઉજવી રહ્યું છે. આ અંતર્ગત નવી દિલ્હી અને દેશના અન્ય શહેરોમાં ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન વિદેશ મંત્રાલયની શાખા સચિવાલય, ભારતીય સાંસ્કૃતિક સંબંધો પરિષદ અને તેની પ્રાદેશિક કચેરીઓ અને પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે. આ કાર્યક્રમો 'વસુધૈવ કુટુંબકમ'ના વિચાર પર આધારિત હશે.

➤ **તાજ મહોત્સવ 2022નું આયોજન માર્ચમાં કરવામાં આવશે.**

તાજ મહોત્સવ 2022નું આયોજન 20 માર્ચથી 29 માર્ચ, 2022 દરમિયાન કરવામાં આવશે. તાજ મહોત્સવ આગ્રામાં દર વર્ષે યોજાતો 16 દિવસીય સાંસ્કૃતિક ઉત્સવ છે. તે સૌથી પ્રસિધ્ધ કળા, હસ્તકલા, ખાદ્ય અને સાંસ્કૃતિક તહેવાર છે. તાજ મહોત્સવ 2022ની થીમ 'આઝાદી કે અમૃત મહોત્સવ કે સંગ, તાજ કે રંગ' છે. તાજ મહોત્સવની શરૂઆત 1992માં થઈ હતી.

➤ **ઉર્દૂ ભાષામાં સાહિત્ય અકાદમી પુરસ્કાર**

સાહિત્ય અકાદમીએ ઉર્દૂ ભાષાના કવિ શ્રી ચંદ્રભાન ખ્યાલને તેમના કાવ્ય સંગ્રહ 'તાઝા હવા કી તબિશેન' માટે ઉર્દૂ ભાષામાં સાહિત્ય અકાદમી પુરસ્કાર 2021 આપવાની જાહેરાત કરી છે. શ્રી ચંદ્રભાનને આ વર્ષે 11 માર્ચે દિલ્હીમાં યોજનારા સાહિત્યક ઉત્સવમાં એક કોતરેલી તાંબાની પ્લેટ, શાલ અને એક લાખ રૂપિયાની રકમ ઈનામ તરીકે આપવામાં આવશે.

➤ **રાજસ્થાનના બાડમેરમાં તેલની શોધ થઈ**

વેદાંત લિમિટેડ કેઈર્ન ઓઈલ એન્ડ ગેસે રાજસ્થાનના બાડમેર જિલ્લામાં તેલની શોધ કરી છે. કંપનીએ આ શોધ અંગે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય તથા ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બનને જાણ કરી છે. કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ દ્વારા આ તેલની શોધ એક બ્લોકમાં કરવામાં આવી હતી. જે તેમને ઓપન એકરેજ લાયસન્સિંગ પોલિસી હેઠળ આપવામાં આવી હતી. બ્લોક RJ- ONHP-2017/1 બાડમેર જિલ્લાના ચોહટન અને ગુડમલાણી તાલુકામાં સ્થિત છે. આ શોધને 'દુર્ગા' નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **દિલ્હીમાં ICCR ભારતીય હસ્તકલા મેળાનું આયોજન કરવામાં આવશે.**

ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) રાજદ્વારી સમુદાયમાં પરંપરાગત ભારતીય હસ્તકલાને લોકપ્રિય બનાવવાના ઉદ્દેશ્ય સાથે દિલ્હીમાં હસ્તકલા પ્રદર્શન મેળાનું આયોજન કરી રહી છે. આ હસ્તકલા મેળાનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે કરવામાં આવી રહ્યું છે. આ મેળો બિકાનેર હાઉસ ખાતે યોજાશે અને તેને ‘કોલેસેન્સ : ક્રાફ્ટ–કલ્ચર–કમ્યુનિટી–ક્લાઈમેટ’ નામ આપવામાં આવ્યું છે.

➤ **Panacea Biotec નવી કોવિડ રસી બનાવશે**

નવી કોવિડ રસી વિકસાવવા માટે ભારત સરકાર Coalition for Epidemic Prearedness Innovations (CEPI) અને ફાર્મા કંપની Panacea Biotec સાથે ભાગીદારી કરશે. તેઓ SARS-COV-2 વેરિઅન્ટ્સ તેમજ અન્ય બીટા કોરોનાવાયરસ સામે વ્યાપક રક્ષણ પૂરું પાડવા માટે રસીના ઉમેદવારો વિકસાવશે.

➤ **મૂડિઝે ભારતની GDP વૃધ્ધિનું અનુમાન વધારીને 9.5% કર્યુ**

મૂડિઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે ભારતના GDP વૃધ્ધિ અનુમાનમાં સુધારો કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષ માટે અનુમાન 7% થી વધારીને 9.5% કરવામાં આવ્યું છે. આર્થિક પુનઃપ્રાપ્તિને ટાંકીને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)ની આગાહીમાં વધારો કર્યો છે. મૂડિઝ ઈન્વેસ્ટર્સ સર્વિસ જેને ઘણીવાર મૂડીઝ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે મૂડી કોર્પોરેશનનો બોન્ડ ક્રેડિટ રેટિંગ બિઝનેસ છે.

➤ **મનરેગા માટે લોકપાલ એપ લોન્ચ કરવામાં આવી**

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે મનરેગા માટે લોકપાલ એપ લોન્ચ કરી છે. આ એપ ઈ–ગવર્નન્સ તરફનું એક પગલું છે અને તે જવાબદારી અને પારદર્શિતામાં મદદ કરશે. આ એપ લોકપાલને તેમની ફરજો પારદર્શક અને જવાબદાર રીતે નિભાવવામાં મદદ કરશે. ગ્રામિણ વિકાસ મંત્રાલયે રાજ્યોમાં મનરેગા યોજનાના અમલીકરણ સંબંધિત વિવિધ સ્ત્રોતો એટલે કે ડિજિટલ, ભૌતિક અને સમૂહ માધ્યમોમાંથી મળેલી ફરિયાદો સરળ વર્ગીકરણ અને રિપોર્ટિંગના ઉદ્દેશ્ય સાથે આ એપ્લિકેશન વિકસાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ


### ➤ યુકેએ 'ગોલ્ડન વિઝા' પ્રોગ્રામ બંધ કરવાની જાહેરાત કરી


યુકેના ગૃહ સચિવ પ્રીતિ પટેલે છેતરપિંડી ઘટાડવા માટે કરોડપતિ રોકાણકારો માટે 'ગોલ્ડન વિઝા' પ્રોગ્રામને સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. ટિયર–1 રોકાણકાર વિઝાને દૂર કરવું એ 'યુકેની છેતરપિંડી અને ગેરકાયદેસર નાણાં' પર નવેસરથી કાર્યવાહીની શરૂઆત છે. યુકે ગોલ્ડન વિઝા પ્રોગ્રામ એ છે કે જેમાં 2 મિલિયન પાઉન્ડથી વધુનું રોકાણ કર્યુ હોય તો યુકે ગોલ્ડન વિઝા પ્રોગ્રામ શ્રીમંત વિદેશીઓને રહેઠાણનો માર્ગ પ્રદાન કરે છે.

### ➤ જાપાને હાઈડ્રોજન ટ્રેન શરૂ કરી

જાપાને તેની પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેન શરૂ કરી છે. આ અનાવરણને 2050 સુધીમાં કાર્બન ન્યુટ્રલ બનવાના દેશના લક્ષ્ય તરફના પગલાં તરીકે જોવામાં આવી રહ્યું છે. હાઈડ્રોજનથી ચાલતી આ ટ્રેનનું માર્ચમાં પરીક્ષણ કરવામાં આવશે. 'હાયબારી' તરીકે ઓળખાતી બે કારવાળી ટ્રેનની કિંમત 35 મિલિયન અમેરિકન ડોલર અથવા 4 બિલિયન યેન કરતા વધુ છે અને જ્યારે હાઈડ્રોજન દ્વારા ઈંધણ આપવામાં આવે ત્યારે તે 100 કિલોમિટર પ્રતિ કલાકની ઝડપે 140 કિમી અથવા 87 માઈલની મુસાફરી કરી શકે છે. આ ટ્રેનને ઈસ્ટ જાપાન રેલ્વે દ્વારા હિટાચી અને ટોયટા મોટર કોર્પોરેશનના સહયોગથી વિકસાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



ICE ? Questions

- તાજેતરમાં ગુજરાતના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અટલ ભૂજલ અંગે માહિતી પહોંચતી કરવા માટે કયા સ્થળેથી 'અટલ ભૂજલ રથ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું ? – ગાંધીનગર
- તાજેતરમાં કયા દેશે તેમનો 'ગોલ્ડન વિઝા' પ્રોગ્રામ બંધ કરવાની જાહેરાત કરી છે ? – યુકે
- તાજેતરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ દેશભરમાં કેટલા EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપ્યા છે ? – 1000
- આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 'પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના લાભાર્થીઓ સાથે કઈ પહેલ હેઠળ વાર્તાલાપ કર્યો હતો ? – લાભાર્થી સે રૂબરૂ
- પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાને સારી રીતે માહિતીગાર કરવા માટે _____ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. – મેરી પોલિસી મેરે હાથ
- વિદેશ મંત્રાલય _____ થી _____ સુધી આઝાદી કા અમૃત મહોત્સવને વિશેષ સપ્તાહ તરીકે ઉજવી રહ્યું છે. – 21 ફેબ્રુઆરી, 27 ફેબ્રુઆરી
- તાજ મહોત્સવનું આયોજન કયા શહેરમાં કરવામાં આવશે ? – આગ્રા
- વર્ષ 2021નો ઉર્દુ ભાષા માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર કોને એનાયત થયો છે ? – શ્રી ચંદ્રભાન ખ્યાલ
- રાજસ્થાનના _____ માં તાજેતરમાં તેલની શોધ થઈ છે. – બાડમેર
- તાજેતરમાં કયા દેશે હાઈડ્રોજન ટ્રેન શરૂ કરી છે ? – જાપાન
- _____ માં ICCR દ્વારા ભારતીય હસ્તકલા મેળાનું આયોજન કરવામાં આવશે. – દિલ્હી
- મૂડિઝે ભારતની GDP વૃધ્ધિનું અનુમાન વધારીને _____ % કર્યું છે. – 9.5%
- તાજેતરમાં _____ માટે લોકપાલ એપ લોન્ચ કરવામાં આવી છે. – મનરેગા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. 20 ફેબ્રુઆરી ભારતમાં કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ? – અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમ

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેલ મહાકુંભમાં નોંધણી માટે ______ પોર્ટલ લોન્ચ કર્યુ છે.
– કર્ટેન રાઈઝર

3. કઈ રાજ્ય સરકાર પ્રોજેક્ટ આરોહણ નામનો ચાર વર્ષનો કાઉન્સેલિંગ પ્રોગ્રામ શરૂ કરવા જઈ રહી છે ?– આસામ

4. ભારતે તાજેતરમાં કયા દેશમાંથી 1,00,000 ટન સોયા તેલની આયાત કરી છે ? – અમેરિકા

5. 'ખજુરાહો નૃત્ય મહોત્સવ' ભારતના કયા રાજ્યમાં આયોજિત પ્રસિધ્ધ કાર્યક્રમ છે ? – મધ્યપ્રદેશ
(48મો ખજૂરાહો નૃત્ય મહોત્સવ મધ્યપ્રદેશમાં શરૂ થયો છે. આ મહોત્સવ એક અઠવાડિયા સુધી ચાલે છે. મધ્યપ્રદેશના ખજુરાહોમાં વિશ્વ પ્રસિધ્ધ 'ખજુરાહો નૃત્ય મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે.)

6. Giant Metrewave Radio Telescope (GMRT) ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર
(GMRTએ ત્રીસ સંપૂર્ણ મેન્યુવરેબલ પેરાબોલિક રેડિયો ટેલિસ્કોપની શ્રેણી છે. તે મહારાષ્ટ્રમાં ખોડાદમાં પુના પાસે આવેલું છે. પુણેમાં નેશનલ સેન્ટર ઓફ રેડિયો એસ્ટ્રોફિઝિક્સ અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને સાન્તાક્રુઝના ખગોળશાસ્ત્રીઓએ 'ફાસ્ટ રેડિયો બર્સ્ટ' FRB)ની યજમાન આકાશગંગામાંથી અણુ હાઈડ્રોજન ગેસના વિતરણનો નકશો બનાવવા માટે GMRTનો ઉપયોગ કર્યો છે.)

7. વિશ્વ પેંગોલિન દિવસ દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ? – ફેબ્રુઆરીના ત્રીજા શનિવારે

8. કયા દેશે તાજેતરમાં 'સી–ડોમ' નામની નવી નેવલ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે ?
– ઈઝરાયલ

9. CEPIએ કોવિડ રસી વિકસાવવા માટે કઈ ભારતીય ફાર્મા કંપની સાથે ભાગીદારીની જાહેરાત કરી છે ?
– પેનેસી બાયોટેક

10. કયા ભારતીય ગણિતશાસ્ત્રીને 'યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર,2021' એનાયત કરવામાં આવ્યો છે ? – નીના ગુપ્તા

11. તાજેતરમાં કયા દેશે 'ખૈબર બસ્ટર મિસાઈલ'નું અનાવરણ કર્યુ છે ? – ઈરાન

12. કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશે તાજેતરમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાની નીતિને મંજૂરી આપી છે ? – જમ્મુ અને કાશ્મીર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. કયા કેન્દ્રિય મંત્રાલયે 'National Strategy for Additive Manufacturing' શરૂ કર્યું છે ?
– ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય

14. તાજેતરની ચર્ચામાં રહેલ 'Intracortical Visual Prosthesis' (ICVP) કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
– કૃત્રિમ દૃષ્ટિ

15. ઈસરોના કયા અવકાશયાને પ્રથમ વખત 'સોલર પ્રોટન ઈવેન્ટ્સ' શોધી કાઢયા છે ? – ચંદ્રયાન– 2

16. કયા દેશના રોવરે ચંદ્રની બીજી બાજુએ બે કાચના ગોળા (Glass Spheres) જોયા છે ? – ચીન

17. સિનિયર નેશનલ ચેસ ચેમ્પિયનશિપ– 2022નું યજમાન શહેર કયું છે ? – કાનપુર

18. 'દેવાયતનમ– અન ઓડિસી ઓફ ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર' સંમેલનનું આયોજન કયા સ્થળે છે ? – હમ્પી



**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**


**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT